


આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
મંગળવાર ૧૪ એપ્રિલ, ૨૦૨૬

# 800 વર્ષ જૂની વિરાસત અને પ્રાકૃતિક સૌંદર્યનો સંગમ ધરાવતું ઉમરપાડા તાલુકાનું ગામ



# વાડી

સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં આવેલું 'વાડી' ગામ આજે પણ પોતાની આગવી ઓળખ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો જાળવી રાખવા માટે જાણીતું છે. નેશનલ હાઈવે નં.56 પર સ્થિત આ ગામ માત્ર એક વસાહત નથી, પરંતુ પ્રકૃતિના ખોળે વસેલું એક જીવંત ઉદાહરણ છે. આશરે 800થી 1000 વર્ષ પૂર્વે જ્યારે આ વિસ્તાર ગીચ જંગલોથી ઘેરાયેલો હતો, ત્યારે પૂર્વજોએ પાણીની વિપુલ સુવિધા અને લીલાછમ વાતાવરણને જોઈને અહીં વસવાટ કરવાનું નક્કી કર્યું હતું. ગામની મધ્યમાંથી વહેતા ગોપલ કોતર અને વડલાવાળા કોતરની ફળદ્રુપ જમીનમાં પૂર્વજોએ આંબા અને શાકભાજીની વાડીઓ બનાવી હતી, જેના કારણે આ ગામનું નામ 'વાડી' તરીકે પ્રખ્યાત થયું છે.

ભૌગોલિક દૃષ્ટિએ જોતાં વાડી ગામ 1,457.77 હેક્ટરના વિશાળ ક્ષેત્રફળમાં ફેલાયેલું છે. ગામની સીમાઓ પૂર્વમાં ઉમરઝર, દક્ષિણમાં પાડા, માંડણ, ગુંડીકૂવા અને આમલીદાબડા સાથે જોડાયેલી છે, જ્યારે ઉત્તરમાં નસારપુર અને મીરાપોર તથા પશ્ચિમમાં ઉમરકૂઈ-ઝંખવાવનો સીમાડો આવેલો છે. તાલુકા મથક ઉમરપાડાથી 17 કિમી પશ્ચિમમાં અને જિલ્લાના મુખ્ય મથક સુરતથી 99 કિમી પૂર્વમાં આવેલું આ ગામ મુખ્ય વાડી ઉપરાંત રેટા, કેલીકૂવા, જામફળ ફળિયા જેવા પેટા ફળિયાઓમાં વહેંચાયેલું છે.

વસતી ગણતરી 2011ના આંકડા મુજબ ગામની કુલ વસતી 5,648 છે, જેમાં 2,858 પુરુષો અને 2,790 મહિલાનો સમાવેશ થાય છે. ગામમાં અનુસૂચિત જનજાતિની વસતી 5,468 જેટલી મોટી સંખ્યામાં છે, જે ગામની આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખે છે. ગામમાં કુલ 1,278 કુટુંબો વસવાટ કરે છે અને કુલ 4,002 નોંધાયેલા મતદાર છે. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન અને ખેતમજૂરી છે. આજે પણ આ ગામ પોતાના પૂર્વજોએ આપેલાં કુદરતી સંસાધનો અને વાડીઓના વારસાને જાળવીને વિકાસના પંથે આગળ વધી રહ્યું છે.

ટાઉન ટોક

## એક સમયે ગામનો આદિવાસી દુમાલા સ્ટેટમાં સમાવેશ થતો હતો


આશરે ૧૦૦૦ વર્ષ પૂર્વેની આ વાત છે, જ્યારે મૂળ આદિવાસી ભીલ સમાજના પૂર્વજ વડીલ રાયસીંગ ઉર્ફે રડવાભાઈ વસાવા આજીવિકાની શોધમાં પોતાના કુટુંબ અને પશુઓ સાથે વિચરતા હતા. કુદરતના ખોળે વસેલા વાડી ગામના પાણીવાળા ફળદ્રુપ જંગલ વિસ્તારથી આકર્ષાઈને તેમણે અહીં કાયમી વસવાટ શરૂ કર્યો હતો. શરૂઆતમાં પશુપાલન અને ખેતી દ્વારા ગુજરાન ચલાવતા આ પરિવારનો વસ્તાર સમય જતાં વધતો ગયો અને આંબાવાડી તેમજ શાકભાજીની ખેતી થકી એક સમૃદ્ધ સમાજ અસ્તિત્વમાં આવ્યો. આ વંશના જ વડીલ રડવાભાઈ વસાવાના સમયમાં વાડી ગામમાં કુટુંબની ખ્યાતિ અને વિસ્તાર વધતા તેમણે સમાજમાં એક મોભાદાર આગેવાન તરીકે સ્થાન પ્રસ્થાપિત કર્યું હતું. ખેતી અને પશુપાલનની સાથે સાથે તેમણે સમાજ સેવાની પ્રવૃત્તિઓ વેગીલી બનાવતા વસાવા સમાજમાં વાડી ગામની શાખમાં અનેરો વધારો થયો હતો. ઇતિહાસ સાક્ષી છે કે, રાયસીંગ ઉર્ફે રડવાભાઈ વસાવાની બીજી પેઢીના વડીલ સ્વ.રાયસીંગભાઇ નાનાભાઈ વસાવાને 'વાડી દુમાલા આદિવાસી સ્ટેટ' તરીકે સૌપ્રથમ રાજગાદી પ્રાપ્ત થઈ હતી.


આ રાજગાદી પાછળ એક અત્યંત પ્રેરણાદાયક પ્રસંગ જોડાયેલો છે. એવું કહેવાય છે કે રાજપીપળા સ્ટેટના મહારાજા સાહેબ શ્રીમંત વિજયસિંહજી ગોહિલ જ્યારે કોઈ કારણસર સંકટમાં મુકાયા હતા, ત્યારે સ્વ.રાયસીંગભાઇ વસાવાએ નિ:સ્વાર્થ ભાવે તેમને પોતાના ઘરમાં આશરો આપી રક્ષણ પૂરું પાડ્યું હતું. રાયસીંગભાઇની આ મદદ અને વફાદારીથી પ્રભાવિત થઈને મહારાજા શ્રીમંત વિજયસિંહજીએ રાજપીપળા સ્ટેટના સાત ગામો–વાડી, નસારપુર, બલાલકૂવા, સરવણ ફોકડી, પિંગોટ, મૌઝા અને બીલોઠી–ભેટમાં આપ્યા હતા. આ ગામોનું મુખ્ય મથક વાડી નક્કી કરી, મહારાજાએ સનદ એનાયત કરી વાડીને 'દુમાલા સ્ટેટ'નો દરજ્જો આપ્યો હતો અને રાયસીંગભાઇને 'દુમાલદાર' તરીકે નિયુક્ત કર્યા હતા. ત્યારથી વાડી દુમાલા સ્ટેટ એક અલગ અસ્તિત્વ તરીકે ઊભરી આવ્યું. આ સનદ સાથે જ તેમને સાતેય ગામોના તમામ હક્કો, કર ઉઘરાવવાના અધિકાર, નવા કર નાખવાની સત્તા, રેવન્યુ તેમજ દીવાની-ફોજદારી કેસો ચલાવી ન્યાય કરવાના સર્વોચ્ચ અધિકારો પ્રાપ્ત થયા હતા. રાજ્યના વહીવટની આવકમાંથી તેઓ પોતાના ભાયાતો અને કુટુંબીજનોને રહેમરાહે મદદ કરી કૌટુંબિક ભાવના અને સંગઠનને અતૂટ જાળવી રાખતા હતા. આજે પણ આ ગૌરવશાળી ઇતિહાસ ભીલ વસાવા સમાજની પેઢીઓ માટે પ્રેરણાનો સ્ત્રોત બની રહ્યો છે.

## 1957માં સ્વ.દિલાવરસિંહના અવસાન સાથે આદિવાસી દુમાલા સ્ટેટનો અંત આવ્યો હતો

રાજગાદીની પરંપરા અને પ્રથા મુજબ, વાડી દુમાલા સ્ટેટની ગાદી પર જ્યેષ્ઠ પુત્ર ક્રમશ: બિરાજમાન થતા આવ્યા છે, જેમાં પ્રથમ સ્વ. રાયસિંગ નાનાભાઈ વસાવા, ત્યારબાદ સ્વ. ઉમેદ રાયસિંગ વસાવા, સ્વ.કાગુભાઈ ઉમેદભાઈ વસાવા, સ્વ.અમરસિંહ કાગુભાઈ વસાવા, સ્વ.કરમસિંહ અમરસિંહ વસાવા, સ્વ.જશવંતસિંહ કરમસિંહ વસાવા અને છેલ્લે સ્વ.દિલાવરસિંહ જશવંતસિંહ વસાવા રાજગાદી પર બિરાજમાન થયા હતા. વર્ષ-1948માં આઝાદી બાદ રજવાડાઓના વિલીનીકરણની પ્રક્રિયા શરૂ થઈ અને 1957માં સ્વ.દિલાવરસિંહના અવસાન સાથે આ આદિવાસી દુમાલા સ્ટેટનો અંત આવ્યો હતો. વાડી દુમાલા સ્ટેટ એ વાલિયા મહાલ તાબાનું આદિવાસી રાજાનું સ્ટેટ હતું, જેની હસ્તક તે સમયે વાડી, નસારપોર, ઉંમરઝર, ગુંદિકૂવા, પાડા, માંડણ, વહાર, બલાલકૂવા, આમલીદાબડા, કડવીદાદરા, સામપુરા, ચિતલદા, ઉંમરખાડી, રાણીકુંડ, ઝરપણ, સરવણ ફોકડી, નવાગામ, ટુંડી, ગોંડલીયા, કાલીજામાણ, બીજલવાડી, સાડદાપાણી, ચારણી અને વેલાવી જેવાં કુલ 24 ગામો આવતાં હતાં. તાલુકા વિભાજન દરમિયાન આ ગામોનો વાલિયા મહાલમાંથી માંગરોળ તાલુકામાં (અને હાલ ઉમરપાડા તાલુકામાં) સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારબાદ જ્યારે વાડી ગામનો વહીવટ જિલ્લા લોકલ બોર્ડ હસ્તક સોંપવામાં આવ્યો, ત્યારે વાડી ગ્રામ પંચાયત વિસ્તાર માટે જિલ્લા લોકલ બોર્ડના સર્વપ્રથમ સભ્ય તરીકે વાડી ગામના વડીલ અને અગ્રણી સ્વ.દામજીભાઈ રતાજીભાઈ વસાવાની નિમણૂક કરવામાં આવી હતી.

વાડી ગામ 1,457.77 હેક્ટરના વિશાળ ક્ષેત્રફળમાં ફેલાયેલું છે





### પ્રદૂષણમુક્ત અને કુદરતી સૌંદર્યથી ભરપૂર રળિયામણું ગામ

વાડી ગામ એ ડુંગરાળ અને જંગલ પ્રદેશની વચ્ચે વસેલું, પ્રદૂષણમુક્ત અને કુદરતી સૌંદર્યથી ભરપૂર એક રળિયામણું ગામ છે. આ ગામની પૂર્વ તથા દક્ષિણ દિશાએ કુકડા ડુંગર અને તેની હારમાળાઓ, ઉત્તરે ત્રણ તાળ (તીન તાળીયા) ડુંગરની ટેકરીઓ તેમજ પશ્ચિમે મરાલીયા ડુંગર (વાંદાર મહુડીનો વિસ્તાર) આવેલ છે, જે ગામને કુદરતી રીતે આરક્ષિત કરે છે. ગામની મધ્યમાં આવેલ ગોપલઝરણું અને વડાકોતરમાં વર્ષાઋતુ દરમિયાન ડુંગરોની ખીણમાંથી વહેતા પાણીના સ્ત્રોત કાયમ જીવંત રહે છે. આ ઉપરાંત ગામની દક્ષિણ દિશાએ 7 હેક્ટર, 53 આર અને 73 ચો.મી. ક્ષેત્રફળ ધરાવતું એક વિશાળ ગામ તળાવ આવેલું છે. કુકડા ડુંગરની હારમાળાઓથી સુરક્ષિત આ તળાવમાં વરસાદી પાણીનો સંગ્રહ થતો હોવાથી ગ્રામજનો અને પશુઓને બારેમાસ પાણીની સુવિધા મળી રહે છે. આ જળસંગ્રહને કારણે ગામના ભૂગર્ભ જળના સ્તર પણ ઊંચા રહે છે, જેથી કૂવા અને બોરમાં પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ થાય છે. તળાવના કાંઠે પશુઓ માટે ઘાસચારો અને પાણીની પણ ઉત્તમ વ્યવસ્થા રહે છે. વર્ષાઋતુમાં ડુંગરાળ જંગલ વિસ્તાર હોવાથી ધરતી પર લીલુંછમ ઘાસ અને વનસ્પતિ ખીલી ઊઠે છે, જેને કારણે પ્રકૃતિ સોળે કળાએ મહોરી ઊઠે છે. ખેતરોમાં લહેરાતાં લીલાંછમ પાક અને આહલાદક વાતાવરણ સમગ્ર પંથકને મનોહર બનાવી અનેરો આનંદ આપે છે.

### વાડી ગ્રામ પંચાયત ટીમ



**સરપંચ**
ભૂપેન્દ્રસિંહ મોતીસિંહ વસાવા
**ઉપસરપંચ**
મધુભાઇ મણિલાલ
**સભ્યો**
સજનાબેન મહેશભાઈ વસાવા
જિગ્નેશભાઇ ઈશ્વરભાઈ વસાવા
મધુભાઇ મણિલાલ વસાવા
દીપિકાબેન પ્રવીણભાઈ પરમાર
રાજેન્દ્રભાઇ રાવજીભાઇ વસાવા
મહેન્દ્રભાઇ મંજીભાઇ વસાવા
શારદાબેન ભરતભાઇ વસાવા
અરુણાબેન પ્રકાશભાઇ વસાવા
કંકુબેન ગંભીરભાઇ વસાવા
**તલાટી કમ મંત્રી**
મણિલાલ વસાવા

### ઐતિહાસિક સ્મારક વાવ

વાડી ગામ મૂળ દુમાલા રજવાડાનું હોવાથી તે સમયે ત્યાં પીવાના પાણીની ભારે અછત રહેતી હતી. જનતાની સુખાકારી માટે પૂર્વજ વડીલ સ્વ.રાયસીંગભાઈ (ઉર્ફે રડવાભાઈ) વસાવાએ ગામના ઊંચાઈવાળા ભાગ પર એક ઊંડી વાવ અને કૂવો ખોદાવીને મંદિર આકારની મજબૂત ઈમારતનું નિર્માણ કરાવ્યું હતું, જે આજે વાડીના પૂર્વજોના સ્મારકરૂપે અડીખમ ઊભી છે. આ વાવમાં નીચે ઊતરવા માટે છેક ૭૦ ફૂટ સુધી પગથિયાં બનાવેલાં છે, જ્યાં અંદર જતાં કૂવો આવે છે, જેમાં બારેમાસ પાણી ભરેલું રહે છે. એ જમાનામાં મશીન કે ઇલેક્ટ્રિક મોટરની સુવિધા ન હોવાથી લોકો સરળતાથી નીચે ઊતરીને પાણી ભરી શકે એ હેતુથી આ પગથિયાંવાળી રચના કરવામાં આવી હતી. મંદિર જેવી આ પૌરાણિક અને ઐતિહાસિક ઈમારત આજે પણ વાડી ગામની સંસ્કૃતિ અને સમૃદ્ધિની સાક્ષી પૂરે છે. તેની અદભૂત કલા-કારીગરી ખરેખર નિહાળવા જેવી છે. જો કે, આ ઇમારત પર કોઈ લખાણ કે તક્તિ ન હોવાથી તેના ચોક્કસ સમયગાળા વિશે કહેવું મુશ્કેલ છે, પરંતુ તે ગામની સ્થાપના સમયે પૂર્વજ વડીલો દ્વારા નિર્મિત સ્થાપત્ય કલાનો એક બેનમૂન નમૂનો છે એ હકીકત ચોક્કસ છે.